અંબાજીમાં ૭૩એએ કાયદાની ઐસી કી તૈસી કરીને આદિવાસીઓની જમીનો પચાવી પાડવાનું કૌભાંડ




## રાજેન્દ્રનગર ખાતે રાજ્યકક્ષાના વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી

હિંમતનગર-શામળાજી રોડ પર આવેલ રાજેન્દ્રનગર સ્થિત સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટમાં ગુરૂવારે રાજ્યકક્ષાના વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત વિકલાંગો માટે કામ કરતી સંસ્થાઓ અને વ્યક્તિઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિકલાંગ કમિશનર રાજપાલે જણાવ્યું હતું કે વિકલાંગોને સાધન સહાય તેઓના હલનચલન માટે અપાય છે. ઉપરાંત આજીવિકા માટે પણ સહકાર મદદરૂપ થાય છે. આ પ્રસંગે કલેક્ટર પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી એમ. નાગરાજનની ઉપસ્થિતિમાં વિકલાંગોના ઉત્કર્ષ માટે થયેલી કામગીરીની સરાહના કરવામાં આવી હતી. તેમજ સંસ્થાઓ અને વ્યક્તિઓનું શાલ ઓઢાડી સન્માનપત્રો એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જીલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, સહીત સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના અધિકારીઓ તથા સહયોગ ટ્રસ્ટના સુરેશ સોની હાજર રહ્યા હતા. મંદબુદ્ધિ અને વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓને સમાજમાં રહીને માનભેર જીંદગી જીવે તે માટે પ્રયાસ હાથ ધરાય છે.

# અંબાજીમાં ૭૩એએ કાયદાની ઐસી કી તૈસી કરીને આદિવાસીઓની જમીનો પચાવી પાડવાનું કૌભાંડ

અંબાજી, તા. ૩

ગુજરાતમાં એટલી હદે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે કે ન પુછો વાત. સરકારી બાબુઓની મીલીભગતથી ગુજરાતમાં વસતા ગરીબ આદિવાસીઓની જમીનો લૂંટી લેવાનું જબરજસ્ત કૌભાંડ ચાલુ થયું છે. ગુજરાતના પછાત ગામડાઓમાં વસતા આદિવાસીઓની જમીન ૭૩એએ ના કાયદા હેઠળ આવે છે. જેને લઈને આ જમીન આદિવાસી સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ ખરીદી શકે નહી પરંતુ અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરીને યેનકેન પ્રકારે આ જમીનમાં હેતુફેર કરાવીને કેટલાક લોકો આદિવાસીઓની જમીન પચાવી પાડવાનું વ્યવસ્થિત કૌભાંડ ચલાવી રહ્યા છે.

ગુજરાત રાજ્યમાં આદિવાસી પ્રજાતીના લોકો પણ વસવાટ કરે છે. આ પ્રજાતી ખૂબ ગરીબ વર્ગ તરીકે છાપ ધરાવે છે. તેઓ માત્ર ખેતી અને છુટક મજુરી કરીને જ તેમનું અને તેમના પરીવારનું ગુજરાન ચલાવતા હોય છે. ગુજરાતમાં સૌથી વધુ પછાત તરીકે અંબાજી નજીકના દાતા ગામની ગણતરી થાય છે. આ ગામમાં ૯૦ ટકાથી વધુની વસતી આદિવાસી છે. આ સમાજ આજે પણ ૧૮મી સદીમાં જીવે છે. ગુજરાતના પવિત્ર યાત્રાધામ તરીકે વિકાસ પામતા અંબાજી અને આસપાસના વિસ્તારોમાં કેટલાક જમીન માફીયાઓ હાલ કેટલાક તત્વો સાથે સાંઠગાંઠ કરી આયોજનબદ્ધ રીતે આદિવાસીઓની મોકાની જમીનો સસ્તામાં લલચાવીને પચાવી પાડવાનું કૌભાંડ ચલાવી રહ્યા છે. આ જમીનો ઉપર કોઈ પણ જાતની મંજુરી લીધા વિના બાંધકામ કરી તેને વેચવાનું ગેરકાયદે કામકાજ ચાલી રહ્યું છે. હાલમાં રોડ સાઈડની આદિવાસીઓની ખેતીની જમીન ભુમાફીયાઓ પડાવી રહ્યા છે. કોંગ્રેસ સરકાર દ્વારા આદિવાસીઓની જમીન માટે ૭૩એએનો કાયદો લાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત આદિવાસી જ આદિવાસીની જમીન ખરીદી શકે તે જમીન કોઈ બીજો વ્યક્તિ ખરીદી શકે નહી. તેમ છતાં જો કોઈ વ્યક્તિ ખરીદે તો તેને ૭૩એએના કાયદા અંતર્ગત તે જમીનને ૭૩એએમાંથી મુક્તિ મેળવવાની હોય છે. જેની પ્રક્રિયામાં જ ૧૦થી ૧૫ વર્ષ જેટલો સમય વીતી જાય છે. જો કે સરકારી અધિકારીઓના આશીર્વાદ અને નાણાંકીય સેટીંગથી હાલ ભુમાફીયાઓ બિંદાસ્ત બનીને ગેરકાયદે રીતે આ જમીનોનું વેચાણ કરી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં આદિવાસીઓના હક્ક ઉપર મારવામાં આવતી તરાપના કારણે આજે ગરીબ આદિવાસી વધુને વધુ ગરીબ બનતો જઈ રહ્યો છે.

આદિવાસીઓની જમીન પચાવી પાડવાના સુનીયોજીત કાવતરામાં દલાલો અને ખરીદી કરનારાઓને સાથ સહકાર આપી ભ્રષ્ટાચાર કરી જમીનની ફાઈલો ઉપર મંજુરીની મહોર મારનારા દોષિત અધિકારીઓને જેલભેગા કરવા ખુબ જ જરૂરી બન્યું છે. ગરીબ આદિવાસીઓને લાલચ આપી તેમની જમીનો ખરીદી લઈ ઉંચા ભાવે વેચનારા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી જરૂરી બને છે.

# ગાજણ ટોલપ્લાઝા પાસે કન્ટેનરમાંથી ૪૭ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજયધોરી માર્ગ પર મોડાસા નજીક આવેલા ગાજણ ટોલપ્લાઝા નજીકથી અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે ગુરુવારે વહેલી સવારે રાજસ્થાન તરફથી ટ્રક-કન્ટેનર આવી પહોંચતા અરવલ્લી જિલ્લા પોલીસે કન્ટેનરની અંદર તલાશી લેતા ૪૭ લાખ ૧૬ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રક ચાલકની ધરપકડ કરી પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ શામળાજી નજીક આવેલી રતનપુર રોડપોસ્ટ ગુજરાત રાજયની આંતરરાજય સરહદ હોવાથી ગુજરાતના બુટલેગરો સહિત રાજસ્થાન, હરિયાણા તેમજ પંજાબ રાજયના બુટલેગરો માટે વિદેશીદારૂ રાજયમાં ઘુસાડવા માટે ખુબ જ જાણીતી છે.



ગુજરાત રાજયનો દારૂબંધીનો ફાયદો ઉઠાવી વિદેશીદારૂનો ગેરકાયદેસર વેપલો કરી રૂપિયા રળી લેવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે જિલ્લા એલસીબી પી.આઈ. આર.જી. બારોટ અને તેમની ટીમે ગાજણ ટોલપ્લાઝા નજીક ગુરુવારે વહેલી સવારે મોડાસા નજીક આવેલા ગાજણ ટોલપ્લાઝા નજીક નાકાંબધી અને વાહનોનું ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતી સફેદ ટ્રક-કન્ટેનર (ગાડી નં. એચઆર ૬૯ એ ૫૯૭૬)ને અટકાવી તલાશી લેતા કન્ટેનરની અંદર છુપાવેલી વિદેશી દારૂ અને બીયરની વિવિધ બ્રાન્ડની પેટી નંગ કુલ ૯૮૫ કિંમત રૂ. ૪૭,૧૬,૦૦૦ મળી આવી હતી તથા ટ્રક-કન્ટેનરની કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ તથા ટ્રક ચાલક પાસેથી મોબાઈલ ફોન ૨ કિંમત રૂ. ૨૦૦૦ અને રોકડા રૂ. ૬૦૦ મળી કુલ ૫૭,૧૮,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકચાલક ગુરુદયાલસીંગ ગુરુદાસરામ મસ્તરામ સૈની રહે. કલીતરાન તા. અનંતપુર પંજાબની ધરપકડ કરી અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે અન્ય ૫ શખ્સો સામે ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદશી દારૂ ઘુસાડવામાં મદદગારી કરનાર શખ્સ સામે પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પાંચ શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### સુધારણા ઝુંબેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા સ્તરે પણ અલગથી બેઠકો યોજવાનો નિર્ણય કરેલ છે. મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ વર્ષમાં બે તબક્કો હાથ ધરવામાં આવે છે. ૧-૧-૨૦૧૬ની સ્થિતિએ તૈયાર કરાયેલ નવી મતદારયાદી ૨૧ જાન્યુઆરીની આસપાસ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આ ઝુંબેશને લઈ તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

### અનોખી સફળતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા મહા વિદ્યાલય ચેન્નઈ ખાતે પ્રથમ ત્રણ દિવસ દરમ્યાન તાલીમ મેળવ્યા પછી તેઓની સઘન તાલીમ મહાબલીપૂરમ ખાતે ગ્રેટ લેગ્સ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટમાં ચાલી રહી છે. અહીં તેમને ૨ માસની તાલીમમાં અર્થતંત્ર અંગે સઘન અને નાણાંકીય બજારોની સંપૂર્ણ તાલીમ અપાશે. ત્યારબાદ ફરી ચેન્નઈમાં આરબીઆઈ મહા વિદ્યાલય ખાતે બાકીની તાલીમ અપાશે. દેશમાં આરબીઆઈની ગ્રેડ-બી પરીક્ષઆ પાસ કરવાનું અનેક યુવાનોનું સપનું હોય છે. ત્યારે એક પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં આ કક્ષાએ પહોંચી તેમણે અદભુત કૌશલ્ય દાખવ્યું છે.

ભુપેન્દ્ર ત્રિવેદીને યુપીએસસી પાસ કરી આઈએએસ થવુ હતુ અને ૨૦૧૪માં યુપીએસસીની પ્રિલીમ પરીક્ષા પણ તેમણે પાસ કરી હતી. જોકે ફાઈનલમાં માત્ર ૧૩ માર્ક ઓછા પડતા તેમને આઈએએસ માટે ઈન્ટરવ્યુ કોલ આવ્યો નહોતો. તે પછી નિરાશ થઈને બેસી રહેવાને બદલે તેમણે પછીના ૫ થી ૬ માસમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની તમામ પરીક્ષાઓ પાસ કરી હતી. અગત્યની બાબત તો એ છે કે આરબીઆઈની આ પરીક્ષા માટે તેમણે દિવસના ૯ થી ૧૦ કલાકનો સખત પરિશ્રમ કર્યો હતો. માટે જ તેઓ કહે છે કે પરિશ્રમ વિના કશુ પ્રાપ્ત થતુ નથી, ઘણા વિદ્યાર્થીઓ દેખાદેખીમાં પરીક્ષાની તૈયારીઓનું 'શોપીંગ' કરે છે મતલબ કે આઈએમપી પ્રશ્નો માટે દોડાદોડ કરે છે પરંતુ શોર્ટકટ અપનાવવાની લ્હાયમાં વધુ લાંબો રસ્તો પસંદ કરી બેસે છે. આરબીઆઈની પરીક્ષા અંગે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે આ માટે કેટલાક ખાસ વિષયો જેવા કે મેથેમેટિક્સ, રીઝનીંગ, જનરલ નોલેજ વગેરેમાં ખાસ ધ્યાન આપવું પડે છે. વળી, વિશ્વભરના બજારો, વ્યાપારી જગતના સમાચારો, અર્થતંત્રની તલસ્પર્શી જાણકારી રાખવી જરૂરી છે.

યુપીએસસીની પરીક્ષા માટે સમગ્ર ગુજરાતમાં વિકલાંગો માટે એક પણ કેન્દ્ર ના હોવાથી આ વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે તે અંગે રોષ ઠાલવ્યો હતો. ભુપેન્દ્ર ત્રિવેદીના મતે જો રાજયમાં વધુ કેન્દ્રોની સગવડ આપવામાં આવે તો ઘણા વિકલાંગ ઉમેદવારો પોતાની ક્ષમતા પ્રદર્શિત કરી શકે તેમ છે.

### જમીન ફાળવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવાના ઉપયોગમાં લેવાની રહેશે. રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા નાણામંત્રી સૌરભ પટેલે આ નિર્ણયની ભૂમિકા આપી હતી. પ્રવક્તા મંત્રીઓએ કહ્યું હતું કે, રાજ્યની સરકારી સંસ્થાઓને રાહત દરે જમીન ફાળવણી માટે આરોગ્ય મંત્રીના અધ્યક્ષપદે રચવામાં આવેલી મંત્રીઓની સમિતની ભલામણોનો સ્વીકાર કરીને આવી સંસ્થાઓને જમીન ફાળવણીની પ્રવર્તમાન નીતિમાં ફેરફાર કરી વધુ ઉદાર બનાવવામાં આવી છે.

રાજ્ય સરકારના આ દુરોગામી નિર્ણયને પરિણામે ખેડૂતો સાથે સીધી રીતે સંકળાયેલ જિલ્લા અને તાલુકા કક્ષાની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ કાર્યાન્વિત કરવા માટે અંદાજે રાજ્યની ૬૦૦૦ એકર જમીનની ફાળવણી કરવાની થશે અને તે માટે અંદાજે રૂપિયા ૫૬૬૭ કરોડ જેટલી કિંમતી જમીન લાખો ખેડૂતો અને પશુપાલકોના વિશાળ હિત અને લાભાર્થે રાજ્ય સરકાર આપશે. નવી સ્થપાનાર ખેતીવાડી ઉત્પન્ન સમિતિઓને પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૦ ટકા કિંમતે ૧૦ એકર જમીન ફાળવાશે. પાંચ વર્ષથી ઓછા સમયથી કાર્યરત અને જમીન ન ધરાવતી હોય તેવી ખેતીવાડી ઉત્પન્ન સમિતિઓને પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦ ટકા કિંમતને ૧૦ એકર જમીન ફાળવાશે. હાલમાં તાલુકા મથકે કાર્યરત હોય તેવી બજાર સમિતિઓને વિસ્તૃતિકરણ માટે પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦ ટકાએ ૧૦ એકર જમીન તથા ૧૦ એકરથી વધુ મહત્તમ ૩૦ એકરની મર્યાદામાં પ્રવર્તમાન જંત્રી કિંમતના ૩૫ ટકાએ જમીન ફાળવવામાં આવશે. રાજ્યની સહકારી સંસ્થાઓને રાહત દરે જમીન ફાળવણી માટે આરોગ્ય મંત્રીના અધ્યક્ષપદે રચવામાં આવેલી મંત્રીઓની સમિતિની ભલામણોનો સ્વીકાર કરીને આવી સંસ્થાઓને જમીન ફાળવણીની પ્રવર્તમાન નીતિમાં ફેરફાર કરી વધુ ઉદાર બનાવવામાં આવી છે.

**જાહેરખબર**

ગ્રંથાલય નિયામકની કચેરી, ગુ.રા. રાજ્ય ગ્રંથાલય ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે પુસ્તક ખરીદીની જુદી જુદી યોજનાઓ અન્વયે પુસ્તકો સ્વીકારવા, વર્ગીકરણ, નંબરીંગ, સ્ટેમ્પીંગ અને યોજનાના પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી તેમજ વિષયવાર પુસ્તકો છૂટા પાડી યાદી મુજબ ગોઠવવાની કામગીરીના ભાવો બંધ કવરમાં તા. ૧૪-૧૨-૨૦૧૫ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી જાય તે પ્રમાણે એજન્સીઓ પાસેથી પુસ્તક દીઠ એન્ટ્રી માટે ભાવ મંગાવવામાં આવે છે અને મળેલ ટેન્ડર તે જ દિવસે ૧૬.૦૦ કલાકે ખોલવામાં આવશે. આ ભાવની સાથે કરવાની થતી કામગીરીની કાર્યપદ્ધતિ પણ જણાવવાની રહેશે. આ જાહેરાત નીચેની વેબસાઈટ પર જોઈ શકાશે.

ફોન નં. : ૨૩૨૨૨૪૮૪, ૨૩૨૨૧૧૦૭

કૌશિક શાહ
ગ્રંથાલય નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

www.sucd.gujarat.gov.in
www.books4gujarat.com

માહિતી/૧૮૯૩/૧૫-૧૬

# શિયાળામાં નગરજનો માટે દસ પ્રકારનું કચરીયું ઉપ્લબ્ધ

ગાંધીનગર તા.૩

શિયાળાની સિઝન ફુલગુલાબી હોય છે જેમા તંદુરસ્તી નિખારવાની રુતુ છે. શિયાળામાં વસાણા ખાવાનું વિષેસ મહત્વ છે. વસાણામાં કચરીયું, સાલમપાક, અડદીયા પાક, મેથીના લાડું નગરજનો આરોગે છે. શિયાળાની સિઝનમાં ખાવામાં આવેલા વસાણા આરોગ્યની દ્રષ્ટિએ ફળદાયી હોવાનું માનવામાં આવે છે. ત્યારે શહેરના બજારોમાં વસાણાની વાનગીઓનું વેચાણ શરુ થઈ ગયું છે. શહેરને અડીને આવેલા પેથાપુર ચોકડી પાસે આવેલા ઉમીયા ગૃહમાં આઠ પ્રકારની ચીકી તેમજ વિવિધ પ્રકારનું કચરિયાનું વેચાણ થઈ રહ્યું છે. ઉમીયા ગૃહમાં કચરિયું લેવા ગયેલ ગ્રાહક ત્યા ઉભા ઉભા ગમે તેટલું કચરિયું ખાય પણ તેના રુપીયા લેવામાં આવતા નથી. પરંતુ



અહી એકવાર કચરિયાનો ટેસ્ટ કર્યો હોય અને કોઈ ગ્રાહક લીધા વિના પાછો ગયો હોય તેવું બન્યું નથી. ઉમીયા ગૃહ ઉધોગમાં કચરીયું લેવા નગરજનોની વિશેષ ભીડ જોવા મળે છે. હવે નગરજનોને અહીથી બારેમાસ કચરિયાની ખરીદી કરી શકશે. શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં નગરના સ્વાદના શોખીનો હાલ તો વિવિધ પ્રકારનું કચરિયું ખાતા નજરે પડે છે.

ગાંધીનગર શહેરથી પાંચ મીનીટના અંતરે આવેલા પેથાપુર ગામના જંયતિભાઈ પ્રહલાદભાઈ પટેલની પેથાપુર ચોકડી પાસે દુકાન આવેલી છે. જયંતિભાઈ છેલ્લા ૨૮ વર્ષથી કચરિયાનો વેપાર કરે છે. જયંતિભાઈ દસ પ્રકાનના કચરીયા તેમજ આઠ પ્રકારની ચીકી બનાવતા હોવાથી નગરજનો અને ગ્રામજનોમાં પ્રખ્યાત છે. કચરિયામાં સાદુ કચરિયું, સુઠ ગઠોળાવાળુ, ડ્રાયફ્રુટ, ઓછા ગોળવાળું, ચોકલેટ, બોનવીટા, કેસરબદામ, કાળા તલનું સાદુ, સુંઠગઠોળાવાળુ, કાળાતલનું ડ્રાયફ્રુટનું કચરીયું તેમજ ચીકીમાં પણ સીંગની, તલની, વાટેલી સીંગની, દાળીયાની, કોપરાની, કાજુ,




બદામ, કાળા તલની વિવિધનો સમાવેશ થાય છે. સીંગના, મમરાના અને તલના લાડુ મળે છે. કચરિયુ ૧૪૦ થી ૨૪૦ રુપીયામાં જયારે ચીકી ૧૬૦ રુપીયામાં કિલોના ભાવે મળે છે. આ અંગે ઉમીયા ગૃહના સંચાલક જયંતિભાઈએ જણાવે છે કે વર્ષોથી સિઝનેબલના વેપાર સાથે જોડાયેલું છુ. શિયાળાની સિઝનમાં વસાણામાં વપરાતી ચીજવસ્તુઓ ઉચ્ચ ગુણવતાની તેમજ સ્વચ્છતા પર વિશેષ ભાર મુકાય છે. મારા ત્યાં ગ્રાહક કચરીયું લેવા આવે ત્યારે તેઓને કંઈક નવું સ્વાદ કચરિયામાં જોઈતો હતો. જેનાથી પ્રેરાઈને મે પણ કચરિયામાં વિવિધતા લાવીને દસ પ્રકારનું કચરિયું બનાવું છુ. આ કાર્યમાં તેમની સાથે ૧૮ લોકોનો સ્ટાફ પણ સહભાગી હોવાનું તેમણે કહ્યું હતું. જયારે તેમના ત્યાથી ગ્રાહક પાછો ના જાય તે માટે પોતાનો નંબર દુકાન પર લખ્યો છે. શિયાળાબાદ તેઓ મરચું, હળદર, ધાણાજીરુ તેમજ નમકીનનો વેપાર બારેમાસ શરુ હોય છે. પેથાપુર ચોકડી પર આવેલા ઉમીયા ગૃહમા વિવિધ પ્રકારના કચરીયું લેવા સ્વાદ રશીયાઓની લાઈન લાગે છે. સુંદર બોક્ષ પેંકીગમાં મળતા કચરીયા લોકો પોતાના સગા સ્નેહજનોને પણ મોંકલે છે. પેથાપુરના જયંતિભાઈ કચરીયા માટે પ્રસિધ્ધ હોવાથી નગરજનો સહિત ગામજનોની ખરીદી માટે ભીડ જોવા મળે છે.

## પેથાપુર ચારરસ્તા પાસે આવેલ ઉમીયા ગૃહઉધોગમાં આઠ પ્રકારની ચીકી અને દસ પ્રકારનું કચરીયું નગરજનોમાં હોટ ફેવરીટ

## આંબેડકર નિર્માણ દિને સાહિત્ય અકાદમી દ્વારા દલિત સાહિત્ય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, આગામી ૬ ડિસેમ્બર ડૉ. આંબેડકર નિર્વાણ દિન નિમિત્તે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન-અમદાવાદ ખાતે રાજયકક્ષાનો ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદ યોજાશે. જેનું સવારે ૧૦ કલાકે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી રમણલાલ વોરા ઉદ્‌ઘાટન કરશે. ડૉ. પિનાકિન દવેના મુખ્ય મહેમાનપદે યોજાયેલ આ ઉદ્‌ઘાટન પ્રસંગે સર્વશ્રી ચીનુ મોદી, ડૉ. કેશુભાઈ દેસાઈ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જ્હા પણ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

ઉદ્‌ઘાટન બાદ સવારે ૧૧.૧૫ થી ૧૨.૧૫ની પ્રથમ બેઠક 'ગુજરાતી દલિત કવિતા' વિષય પર ડૉ. પથિક પરમારના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં ડૉ. નીરવ પટેલ, ડૉ. ગિરીશ રોહિત, ડૉ. વિનોદ ગાંધી અને ડૉ. દિનુ ભદ્રેસરિયા વક્તવ્યો આપશે. આ બેઠકનું સંચાલન ડૉ. ધિરજ વણકર કરશે. જ્યારે ૧૨-૧૫ થી ૧૩-૧૫ દરમ્યાનની બીજી બેઠક 'ગુજરાતી દલિત નવલકથા' વિષય પર શ્રી હરીશ મંગલમના અધ્યસ્થાને યોજાશે. જેમાં ડૉ. મોહન પરમાર, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. કેશર મકવાણા અને ડૉ. હેતલ ગાંધી વક્તવ્યો આપશે. આ બેઠકનું સંચાલન નટુભાઈ પરમાર કરશે.

બપોરે ૨.૦૦ થી ૩.૧૫ દરમિયાન 'ગુજરાતી દલિત વાર્તા' પર શ્રી પ્રવીણ ગઢવીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ત્રીજી બેઠકમાં ડૉ. રતિલાલ રોહિત, શ્રી અરવિંદ વેગડા, ડૉ. ગંગારામ મકવાણા અને ડૉ. કાન્તિ માલસતર વક્તવ્યો આપશે. આ બેઠકનું સંચાલન શ્રી સાહિલ પરમાર કરશે.

બપોરે ૩.૧૫ થી ૪.૧૫ દરમિયાનની 'ગુજરાતી દલિત આત્મકથા' વિષય પર ડૉ. હાસ્યદા પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયેલી ચોથી બેઠકમાં સર્વશ્રી મણિલાલ રાનવેરિયા, ડૉ. હરપાલ રાણા, ડૉ. આશા ગોહિલ અને ભી.ન. વણકર વક્તવ્યો આપશે. બેઠકનું સંચાલન દિલીપ ચાવડા કરશે.

### વરસાદી કહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે મોડી રાત્રે રાજ્યના મુખ્યમંત્રી જયલલિતા સાથે વાતચીત કરી સ્થિતિ અંગે માહિતી મેળવી હતી અને તમામ પ્રકારની સહાય કરવાની ખાતરી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની કેબિનેટના પ્રધાનો ગૃહમંત્રી રાજનાથસિંહ, નાણાં મંત્રી અરુણ જેટલી અને સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુ સાથે આજે સવારે બેઠક કરી સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. કેબિનેટ સચિવ પીકે સિન્હાના નેતૃત્વ હેઠળ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટની સમિતિએ સ્થિતિ અંગે સમીક્ષા કરી અને કેન્દ્ર તરફતી રાજ્યને તમામ પ્રકારનો સહયોગ આપવાનું આશ્વાસન આપ્યું. ભારે વરસાદના કારણે હવાઈ, રોડ અને રેલવે સેવા બંધ કરવામાં આવી છે. જેના કારણે હજારો મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરી વિસ્તારોમાં રેલવે સેવા બંધ હોવાથી શહેરીજનો અને પ્રશાસન માટે મોટી સમસ્યા સર્જાઈ છે. જ્યારે બીજીબાજુ વરસાદના કારણે ૧૫ હજાર કરોડ રૂપિયાથી પણ વધુનું નુકશાન થયું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

**જાહેરખબર**

અત્રેની કચેરીના વાહન ઈનોવા પેટ્રોલ કાર મોડેલ - ૨૦૧૧ને આર.ટી.ઓ. કચેરી દ્વારા માન્ય Certified companyની અંદાજીત 12 K.G.ની Capacity ધરાવતી સી.એન.જી. (CNG) કીટ ફીટીંગ સાથે ખરીદવાની હોવાથી રસ ધરાવતી સ્થાનિક માન્ય સંસ્થાઓ પાસેથી આ જાહેરાત પ્રસિદ્ધ થયે દિન-૭માં સિલબંધ કવરમાં ભાવપત્રક તેમજ બ્રાન્ડના નામ તથા અન્ય માહિતી (guaranty) સહિત દર્શાવી નીચે જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે.

નિયામક અને સભ્ય સચિવ
ગુજરાત સામાજિક આંતરમાળખાકિય વિકાસ સોસાયટી,
બીજો માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી કમ્પાઉન્ડ
સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૯

માહિતી/૧૯૦૮/૧૫-૧૬

### અચાનક આગમન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સવારે વાતાવરણમાં ખુબ જ ઠંડક છવાઈ ગઈ હતી. ઘરની બહાર નીકળવું હોય તો ફરજિયાત ગરમ વસ્ત્રો પહેરવા પડતા હતા. વહલી સવારે શાળાએ જતા મોટા ભાગના બાળકો સ્વેટર અને જેકેટમાં લપેટાયેલા નજરે પડયા હતાં. ઠંડા પવનોની અસર છેક સવાર સુધી રહી હતી. ઘરના બારી બારણાં છેક નવ દસ વાગ્યા સુધી બંધ રાખવા પડયા હતાં. ઠંડી વધતા જ ગરમ વસ્ત્રોની ખરીદીમાં તેજી આવી છે. ગરમ વસ્ત્રોના વેચાણ કરતાં તિબેટીયન માર્કેટમાં સારી એવી ભીડ જોવા મળી હતી. જો કે દિવસ દરમિયાન હજુ મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી જેટલું ઉચું નોંધાતા દિવસે ઠંડીની વધુ અસર જોવા મળતી નથી. કયારેક દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થાય છે આજે મહત્તમ તાપમાન ૩૦.૨ ડિ.સે. જેટલું નોંધાયું હતું જયારે ભેજ સવારે ૫૫ ટકા અને સાંજે ૩૫ ટકા રહ્યો હતો.

### ચેરમેનને શ્રદ્ધાંજલિ... ● પાંચમા પાનાનું ચાલુ

પ્રમુખ યાસીન ખોખર, તા.પંચાયત સદસ્ય ડી.એમ. પટેલ, ઈમરાન જગરાળા, મહેશભાઈ પરમાર સહીત જિલ્લા પંચાયતના સદસ્ય, અજીતસિંહ હડીયોલ, બાલકૃષ્ણ જીરાલા સાથે વડગામ તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી કીર્તિભાઈ પરમાર, ભિખુસિંહ પરમાર સહિત તમામ સ્ટાફગણ અને તલાટી કમ મંત્રી સાથે નાનાસણા ગ્રામ પંચાયતના સરપંચ લક્ષ્મણભાઈ મહીવાલ, નાંદોત્રા સરપંચ વિરજીભાઈ પટેલ, ઉમરેચા સરપંચ, મેયડા સરપંચ સરદારભાઈ પટેલ, સલેમકોટ સરપંચ નાથુભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં સરપંચો હાજર રહીને વડગામ તાલુકા પંચાયતના ન્યાય સમિતિના ચેરમેનને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. અને તેમની તસવીરને પુષ્પ અર્પણ કરાયા હતા.

### ગંભીર અછત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાંબી લાઈનો જોવા મળી રહી છે. જ્યારે પ્રસિદ્ધ કોયમબેડુ શાકબજારનો શહેરથી સંપર્ક તુટી ગયો હોવાથી શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. મીનરલ વોટર પણ ઊંચી કિંમતે વેચાઈ રહ્યું છે. સામાન્ય રીતે ૩૦ રૂપિયામાં મળતી ૨૦ લીટર પાણીની બોટલનો ભાવ ૧૫૦ રૂપિયાથી વધુ વસુલ કરવામાં આવી રહ્યો છે. શહેરના મોટાભાગના સુપર માર્કેટ તથા હોટલ બંધ છે અથવા તો તેમના ભંડાર ખુટી પડ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી ઉત્તર પૂર્વ મોનસુન અને બંગાળની ખાડીમાં સર્જાયેલા હળવા દબાણના લીધે ભારે વરસાદ તથા પુરથી તમિળનાડુના અનેક જિલ્લામાં ભારે ખાનાખરાબી સર્જાઈ છે. સ્થિતિ ખૂબ જ સંકટપૂર્ણ હોવાનું સરકારી તંત્ર પણ સ્વિકારી રહ્યું છે. ચેન્નાઈ તથા તેના ઉપનગરીય ક્ષેત્રોમાં અનેક વિસ્તારોમાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે સામાન્ય જનજીવન ખૂબ પ્રભાવિત થયું છે.

**સરદાર સરોવર નર્મદા નિગમ લી.**

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)
અધિક્ષક ઈજનેરશ્રી, નર્મદા યોજના આલેખન વર્તુળ,
બ્લોક નં. ૧૨/૪, નવા સિચવાલય, ગાંધીનગર

**જાહેર નિવિદા ક્રમાંક - ૧ સને ૨૦૧૫-૨૦૧૬**

આ કચેરી દ્વારા કોમ્પ્યુટર સ્ટેશનરી તથા ઓફિસ / ડ્રોઈંગ સ્ટેશનરી પુરી પાડવા માટેનાં ભાવો ટેન્ડરથી એક વર્ષ માટે રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

| અનું. | કામનું નામ | (૧) અંદાજિત કિંમત (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી | (૧) કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ (૨) ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર સ્ટેશનરી | (૧) રૂ. ૩,૪૬,૭૦૦/- (૨) રૂ. ૩૫૦૦/- (૩) રૂ. ૬૦૦/- | (૧) તા. ૧૫-૧૨-૨૦૧૫ (૨) તા. ૩૦-૧૨-૨૦૧૫ | કચેરીનો સમય પુરો થાય ત્યાં સુધી. |
| ૨. | ઓફિસ અને ડ્રોઈંગ સ્ટેશનરી | (૧) રૂ. ૩,૫૯,૮૩૦/- (૨) રૂ. ૪૦૦૦/- (૩) રૂ. ૬૦૦/- | (૧) તા. ૧૫-૧૨-૨૦૧૫ (૨) તા. ૩૦-૧૨-૨૦૧૫ | કચેરીનો સમય પુરો થાય ત્યાં સુધી. |

વધુ વિગતો માટે આ કચેરીનો ફોન નં. ૨૩૨ ૫૨૪૨૯ ઉપર સંપર્ક સાધવા વિનંતી છે.

સહી/-
અધિક્ષક ઈજનેર
નર્મદા યોજના આલેખન વર્તુળ, ગાંધીનગર

માહિતી/૧૮૮૨/૧૫-૧૬